**કોર્ટ ઓફ કમિશનર (વિકલાંગ વ્યકિતઓ માટેના)**

**ગુજરાત રાજય**

**(Deemed Civil Court) વિકલાંગ ધારો (સમાનતકો, અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી) ૧૯૯૫**

બ્લોક નં. ૧૬ ભોયતળીયે , ડૉ. જીવરાજ મહેતા ભવન, સેકટર-૧૦, ગાંધીનગર-૩૮૨૧૦

---

**પ્રાથમિક સુનાવણી નં. ૫૨૪ /૨૦૧૫** **ક્રમાંક કમિ/ અપગ/૨૦૧૫-૧૬/**

**તા.૦૩ / ૧૧ / ૨૦૧૫**

**અરજદારઃ-**

**અમૃતભાઇ પી. પટેલ,**

**ઉ.શિ. ફિંચોડ પ્રા.શાળા,**

**તા.ઇડર, જિ. સાબરકાંઠા.**

**વિ રૂ ધ્ધ**

સામાવાળાઃ-

(૧) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી , સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર.

(૨) સરપંચશ્રી, ફિંચોડ ગ્રામ પંચાયત, ફિંચોડ, તા. ઇડર, જી. સાબરકાંઠા.

વિષયઃ- વિકલાંગતાના કારણે રજા ઉપર ઉતારી પગાર નહીં ચૂકવવા બાબત.

અરજદાર શ્રી અમૃતભાઇ પી. પટેલે તેઓને તા.૧૩/૧૦/૨૦૧૫ ના રોજથી આ કોર્ટ સમક્ષ રજુઆત કરેલ છે કે, જિલ્લા શિક્ષણાધિકારીના તા.૧૭/૮/૨૦૧૫ ના હુકમથી તેઓની ફિંચોડ પ્રાથમિક શાળા, તા. ઇડર ખાતે મદદનીશ શિક્ષક તરીકે નિમણૂંક થતાં હાજર થયેલ છે. પરંતુ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની સૂચનાથી તેઓને રજા ઉપર ઉતારી દેવામાં આવેલ છે. શ્રી પટેલ ૪૫ ટકા વિકલાંગતા ધરાવતા હોઇ તેઓએ વિકલાંગ ધારા- ૧૯૯૫ હેઠળ ન્યાય મેળવવા માટે આ કોર્ટ સમક્ષ રજૂઆત કરેલ છે, જેની નકલ આ સાથે સામેલ છે. પ્રસ્તૃત કેસ દાખલ કરવો કે કેમ તે અંગે તા.૨૦/૧૧/૨૦૧૫ ના રોજ સુનાવણી રાખેલ હોઇ મુદતે વિગતો સાથે ઉપસ્થિતરહેશો.

**(સી.એસ.રાજપાલ)**

**નાયબ કમિશનર**

બિડાણઃ- ફરિયાદની નકલ

---

**સુનાવણીનું સ્થળઃ-** વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશનરશ્રીની કચેરી , ભોયતળીયે બ્લોક નં. ૧૬ જુના સચિવાલય સેકટર-૧૦ ગાંધીનગર -૩૮૨૦૧૦